## પ્રવચન નં. ૨૦ ગાથા - ૫ તા. ૨૯-૬-૭૮ ગુરુવાર જેઠ વદ-૯ સં.૨૫૦૪

સમયસાર ગાથા પાંચ. બદ્ધ વ્યવસાય એટલે કર્યો, બદ્ધ એટલે કર્યો છે સંસ્કૃતમાં બદ્ધ છે. બદ્ધ વ્યવસાય–આચાર્ય શું કહે છે કુંદકુંદાચાર્ય કે હું આ સમયસારને મારા નિજ વૈભવથી કહીશ. નિજ વૈભવ એટલે આત્માના અતીન્દ્રિય આનંદનો પ્રચુર સ્વભાવનું વેદન, એ નિજ વૈભવ. આત્માનું પ્રચુર સ્વ–સંવેદન અતીન્દ્રિય આનંદનું એ નિજ વૈભવ. એ નિજ વૈભવથી હું કહીશ સમયસાર એમ કહે છે. એ નિજ વૈભવ ઉત્પન્ન કેમ થયો ? ત્રણ નિમિત્ત અને ચોથું ઉપાદાન મારું– એક તો સર્વજ્ઞની વાણી પરમાગમ એની ઉપાસનાથી મારાં નિજ વૈભવનો ઉદ્ભવ, પ્રગટ થયો છે, નિમિત્ત અરિહંત– સર્વજ્ઞની વાણી એ સિવાય બીજું કોઈ નિમિત્ત હોઈ શકે નહિ, એ નિમિત્ત છે ને એમાં મારો નિજ વૈભવ આનંદ પ્રગટયો છે. અન્યમતનું એકાંતનું નિરાકરણ કરવા અતિ નિસ્તુષ યુક્તિથી નિર્ણય કરીને મારો નિજ વૈભવ પ્રગટયો છે. સમજાણું કાંઈ ? ત્રીજું–અરિહંત સર્વજ્ઞ પરમાત્મા એ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન અંતર્નિમગ્ન હતા. ત્યારથી તે અમારા ગુરુ પર્યંત નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. આહાહા ! એ સંતોએ અમને મહેરબાની કરી, કૃપા કરી પ્રસાદીરૂપ શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. આ તો આવી ગયું છે પરમ દિ '. આહાહા !

એનાથી મારો જન્મ, નિજ વૈભવનો. એ ત્રણ નિમિત્ત થયા; ચોથું- અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વ-સંવેદન એ મારા અનુભવની મહોર છાપ, મહોર છાપ, મુદ્રા. આહાહા ! પ્રચુર અતીન્દ્રિય આનંદનું વેદન, છે હજી રાગ, વીતરાગ નથી. પણ એ રાગને ભિન્ન કરી અને પોતાના સ્વરૂપનું સ્વ સંવેદન, સ્વ નામ પોતાનું પોતાથી પ્રત્યક્ષ અતીન્દ્રિય આનંદની મહોર છાપવાળો અનુભવ છે. એમ અમારો વૈભવ આમ પ્રગટયો છે. એનાથી હું આ મારા વૈભવને અનુભવીને આ સમયસાર કહીશ એમ કહ્યું. અહીં સુધી આવ્યું છે, સમસ્ત વૈભવથી દર્શાવું છું, ત્યાં સુધી આવ્યું છે. આહાહાહા !

" જો દર્શાવું ( તો ) " શું કહે છે. મને એવો વ્યવસાય, ઉદ્યમ નિર્ણય થયો છે કે હું હવે આ મારા નિજ વૈભવથી આ સમયસારને કહું. પણ જો દર્શાવું, દેખાડું એ શરત કહે છે, આહાહા ! છે ? " દર્શાવું તો, છે ભાઈ ? સ્વયમેવ પોતે જ, આહાહાહા ! પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું " ઓહોહો ! કેટલા શબ્દ વાપર્યા ? હું આ આત્માને રાગથી ભિન્ન અને સ્વભાવથી એકત્વ, એકત્વ વિભક્ત, દેખાડીશ પણ દેખાડીશ તો તમને શરત એટલી છે આહાહા ! તમે પોતે, દર્શાવું તો, એક તો દેખાડીશ એ તો પહેલું આવી ગયું છે, દેખાડીશ. પણ દેખાડું તો, આહાહા ! આહાહા ! સ્વયમેવ, સ્વયમ્ એવ તારા પોતાથી જ, પોતે શબ્દ છે ને ? સ્વયં એટલે પોતે ને એવ એટલે ' જ '. સ્વયમેવ તારા પોતાથી જ, આત્માથી જ, આહાહા ! પોતાના અનુભવ પ્રત્યક્ષથી. આહાહા ! તારો આત્મા અમે કહીએ છીએ કે રાગથી ભિન્ન છે, અને સ્વરૂપથી એકત્વ છે, એનું તારા પોતાના અનુભવમાં અંતર્મુખ કરીને, અનુભવની પરીક્ષાના, આહાહા ! પ્રત્યક્ષ અનુભવ આવી વાત છે, જાતે તું અનુભવ પોતે આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. એનો જાતે જ, પોતે જ અનુભવ કરી પ્રત્યક્ષથી પરીક્ષા કરી આટલી શરત છે. તારા આનંદનું પ્રત્યક્ષપણે તને વેદન થાય, એ રીતે અનુભવ પ્રત્યક્ષથી, પરીક્ષા આ, પરીક્ષાથી અનુભવ કરીને આહાહા ! આવી વાત છે ભલે કહે છે રાગ હો, પણ રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એકત્વ-વિભક્ત, એ શબ્દ આવ્યો છે ને ? એયતં વિયતં દર્શયેઽહમિલિ પહેલું પદ જ ઈ છે, એકત્વં-વિભક્તં એ દેખાડીશ. આહાહા ! એ રાગાદિ ભલે શુભ હો, પણ એ શુભરાગથી વિભક્ત ભિન્ન અને અંતર સ્વરૂપ ચૈતન્યમૂર્તિ એનો જે ચૈતન્ય ચમત્કાર અતીન્દ્રિય આનંદ સ્વભાવ એનાથી તે એકત્વ છે. આહાહા ! તેને હું દેખાડું અને દેખાડીશ તો તારા પોતાના અનુભવ-પ્રત્યક્ષથી કેટલા શબ્દ વાપર્યા છે ? એક તો સ્વયમેવ પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરીને. આહાહા !

આ આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, અને રાગથી ભિન્ન છે એમ અમે જે કહ્યું એનું તું અનુભવની પરીક્ષાથી પ્રત્યક્ષ પ્રગટ કરીને પ્રમાણ કરજે. આહાહા ! અનુભવ કરીને પ્રમાણ કરજે. આહાહા ! કહો, પાંચમા આરાના શ્રોતાને આમ કહે છે. પોતે પંચમ આરાના સાધુ છે. આહાહા ! અંદર વસ્તુ છે એ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ એનાથી એકત્વ છે વસ્તુ- અને રાગ ચાહે તો તીર્થંકર ગોત્રનો વિકલ્પ હો કે કોઈપણ રાગથી તે વિભક્ત નામ ભિન્ન છે. એ તને દેખાડું અને જો દેખાડું તો, આહાહાહા ! પોતે જાતે સ્વયમેવ અનુભવથી, અનુભવમાં પ્રત્યક્ષ પરીક્ષા કરીને પ્રમાણ કરજે. આહાહાહા ! તને એમ ખાત્રી થવી જોઈએ કે અમે કહીએ

છીએ એવો જ આત્મા છે. આહાહા ! અમે કહીએ છીએ અને કીધું એવું તને અનુભવમાં આવે કે જેવું એમણે કહ્યું ’તું એવું જ આ સ્વરૂપ છે, એમ અનુભવમાંથી પ્રમાણ કરજે. એનો અર્થ એટલો કે અમે કહ્યું, તેં સાંભળ્યું, હવે સાંભળવાનું લક્ષ છોડી દઈને. આહાહાહા !

પોતે જાતે સ્વયમેવ અને પોતાના અનુભવ પ્રત્યક્ષથી, પરીક્ષા કરીને પ્રમાણ કરજે. આહાહા ! આટલી શરતું મૂકી છે. આહાહા ! ( અંતર અનુભવ કરવામાં કોઈ ભૂલ થઈ જાય તો એનો નિકાલ કેવી રીતે હોય ) ભૂલ ન થાય એમ અહીંયા કહે છે, આ અમે કહ્યું છે એ પ્રમાણે જાતે, જાતે પોતાથી અનુભવ પ્રત્યક્ષથી પ્રમાણ કર તો તને અમે કહ્યું છે એવો જ અનુભવ થશે. અને તે અનુભવથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! અહીંથી શરૂ થાય છે. હવે કહેવાનું પછી છઠ્ઠી ગાથામાં સરવાળો કરશે. આહાહાહા !

આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય સાંભળવા મળે એવી નથી. આહાહા ! વાડામાં પડયા એને ખબર નથી, હેં ! કે કઈ રીતે અનુભવ થાય અને અનુભવ થાય તો શું થાય ? એ કહે છે કે સાક્ષાત્ પોતે–પોતાથી પોતામાં બે વાત, સ્વયમેવ પોતે જ પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું. આહાહા ! ગૃહસ્થાશ્રમમાં રહેલો હોય એને પણ કહે છે કે તું અમે કહીએ છીએ તેને આ રીતે અનુભવથી પ્રમાણ કરજે, ભલે એને રાગ હોય આહાહા ! ગૃહસ્થ, મુનિ ન હોય એને તો અશુભ રાગેય આવે, અને એ રાગથી પૃથક છે એમ અનુભવ કરજે. આહાહાહા !

“ જો ક્યાંય છેલ્લો શબ્દ છે ને ? અક્ષર, માત્રા, હ્સ્વઈ, દીર્ધઈ આદિ અલંકાર યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો દોષ ગ્રહણ કરવામાં સાવધાન ન થવું ” દોષ તને કદાચ ખ્યાલમાં આવી જાય પણ એમાં સાવધાન ન થવું. આહાહા ! તને જાણવામાં ખ્યાલ આવી જાય કે આમાં ઠેકાણે ભૂલ છે આ અક્ષરની માત્રાની યુક્તિની અલંકારની, આહા ! તો સાવધાન ન થવું. ખ્યાલમાં તને આવે, પણ અમારે તને કહેવું છે એ વસ્તુ અનુભવ છે, એ રાગથી ભિન્ન ( સ્વભાવનો ) અનુભવ કરાવવો છે, એમાં ફેર નથી. આહાહા !

કેમકે શાસ્ત્ર સમુદ્રના પ્રકરણ બહુ છે. ઘણી જાતિ યુક્તિ, ધાતુ, અલંકાર, માત્રા, અક્ષરો ઘણાં પ્રકાર છે, માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે. અહીંતો સ્વ નામ પોતામાં આનંદનું વેદન એવો જે પદાર્થ, વસ્તુ તે મુખ્ય છે. આહાહા ! એ કોઈ વ્યાકરણ અને સંસ્કૃત એના કોઈ ફેરફાર હોય તો એને તું પકડીશ નહિ. આહાહા ! “ તેથી અર્થની પરીક્ષા કરવી ” અર્થ એટલે વસ્તુ, આત્મા આનંદસ્વરૂપનો અનુભવ કરવો એ અર્થની પરીક્ષા. આહાહા ! અર્થની પરીક્ષા ઈ, આહા ! કે જે વસ્તુ છે એનો અનુભવ કરવો એ અર્થ–છેલ્લે તો આવે છે ને ? તત્ત્વાર્થ– તત્ત્વને, અર્થને જાણીને, આહાહા ! તત્ત્વનો અર્થ જે છે એને જાણીને અર્થમાં સ્થિર થશે. આહાહા !

ભાવાર્થઃ– “ આચાર્ય આગમનું સેવન ” એ પણ આગમ એને કહીએ કે જે અરિહંતના સર્વજ્ઞના મુખે( થી ) નીકળેલી વાત, કલ્પિત આગમો જે છે લોકોએ કરેલા એ નહિ. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એના મુખે નીકળેલી વાણી. “ મુખ ઓમકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે; ” એ વાણીને અહીંયા આગમ કહેવામાં આવે છે. છે ? આહાહા ! એ આગમનું સેવન.. આકરી વાત છે. ખરેખર તો શ્વેતાંબરના આગમ પણ એ આગમ નથી, એમ નિષેધ છે અહીં

તો, એનું સેવન અને અનુભવમાં નિમિત્ત એ થાય એમ છે નહીં. આહાહા ! એ આ આગમ, સર્વજ્ઞે કહેલી વાણી એને ગણધરે ગૂંથી હોય, એ વાણી આગમ. આહાહા !

એ આગમનું સેવન, એક વાત. યુક્તિનું અવલંબન, અન્ય મતિઓ જેટલાં એકાંતવાદીઓ છે એનું નિસ્તુષ યુક્તિથી એનું અમે ખંડન કર્યું છે, નિરાકરણ કરીને અમને અનુભવ થયો છે. આહાહાહા ! જેટલાં ઉદ્દઉ પાખંડ છે એ બધાનું યુક્તિથી અમે નિરાકરણ કર્યું છે કે એ વસ્તુ ખોટી છે. આહાહાહા ! ઝીણી વાત બહુ, એવો વખત. આહાહા ! બે વાત.

' પરાપર ગુરુનો ઉપદેશ ' આહાહા ! અરિહંતથી માંડીને અમારા ગુરુ એની પરંપરાથી મળેલો ઉપદેશ. આહાહા ! અને ચોથું સ્વ સંવેદન આ ત્રણ નિમિત્ત અને ચોથું આ સ્વ-સંવેદન ઉપાદાન. આહાહા !

" એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી, " મારા જ્ઞાનના નિજના વૈભવથી એકત્વ વિભક્ત; એકત્વ-વિભક્ત કહેવું છે ને ? અંતર પૂરણ અતીન્દ્રિય આનંદ જ્ઞાનથી એકત્વ છે અને રાગાદિ વિકલ્પથી પૃથક છે, છે ખરો રાગાદિ, પણ છે પૃથક. આહાહા ! વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ ઊઠે, એ રાગથી પણ પૃથક આત્મા છે. આહાહા ! સમજાણું કાંઈ ? " સ્વ-સંવેદન... એ ચાર પ્રકારે ( ઉત્પન્ન થયેલ પોતાના ) જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત એવો શુદ્ધ આત્મા એનું સ્વરૂપ દેખાડે છે. " આહાહાહા ! ગમે તે પ્રકારનો શુભ રાગ હો પણ એનાથી તો પ્રભુ આત્મ તત્ત્વ ભિન્ન છે, કેમ કે એ રાગ છે એ તો આસ્રવ-તત્ત્વમાં જાય છે, અને આત્મા છે એ તો જ્ઞાયક તત્ત્વ છે, બે તત્ત્વ તદ્દન, નવ તત્ત્વમાં જુદા છે. આહાહાહા !

એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. આહાહા ! અને " સાંભળનારા " હે શ્રોતાઓ ! આહાહા ! " પોતાના સ્વ સંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરો. " આહાહા ! એમાં એકલાં મુનિને કાંઈ નથી કહ્યું, જે શ્રોતાઓ છે. આહાહા ! બાપુ ! કરવા જેવું તો આ છે. જે કાંઈ કર્તવ્ય છે મોક્ષના માર્ગનું એ તો રાગથી ભિન્ન ને સ્વભાવથી અભિન્ન તે કર્તવ્ય છે. આહાહાહા ! સાંભળનારા હે શ્રોતાઓ પોતાના સ્વ-સંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરો ! પોતાની જાતના અનુભવમાં પ્રત્યક્ષ. સ્વનો ને સં ( એટલે ) પ્રત્યક્ષ એનું વેદનથી પ્રમાણ કરો. આહાહા ! એટલે કે અનુભવ કરો. આહાહા ! પ્રથમ તો આ કરવાનું છે, પછી આગળ શાંતિ વધે સ્વના આશ્રયે, વિકલ્પો આવે વ્રતના, પંચમ ગુણસ્થાને, છઠ્ઠે ગુણસ્થાને પણ એ વિકલ્પો બધા આસ્રવ છે. આહાહા !

કરવાનું તો આ છે. એ વખતે પણ વિભક્તપણું છે એ તારે કરવાનું છે, વ્રતો આવે છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રત આદિ, પાંચમે બાર વ્રત પણ એ વખતે પણ એનાથી વિભક્ત કરવાનું છે. આહાહા ! એના એકત્વથી, એનાથી વિભક્ત થવાય એમ નહીં. શુભરાગના એકત્વથી એનાથી ભિન્ન પડાય એમ નહિં. એનાથી ભિન્ન પાડ તો ભિન્ન પડે. આહાહા ! સમજાણું કાંઈ ?

પોતાના સ્વસંવેદન ( થી ) ' સ્વ ' નામ પોતાનું વેદન ' સં ' નામ પ્રત્યક્ષથી પ્રમાણ કરો ' ક્યાંય કોઈ પ્રકરણ ' એટલે અધિકારોમાં અનુભવ સિવાયના અધિકારોમાં, ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું, એ દોષ ઉપર ખ્યાલ ન રાખવો " અહીં પોતાનો અનુભવ પ્રધાન છે " અનુભવની મુખ્યતા છે, અહીં તો. આહાહાહા ! તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો, એમ કહેવાનો આશય છે. એ જયચંદ પંડિતે ભાવાર્થમાં લખ્યું. પહેલાના પંડિત એવા હતા દિગંબર

પંડિતો જયચંદ પંડિત, ટોડરમલ, બનારસીદાસ, ભાગચંદજી આદિ. ઓહોહો ! જયચંદ પંડિતે આ ભાવાર્થ ભર્યો છે કે આચાર્યને આમ કહેવું છે, આહાહા ! ચાલતી ભાષામાં.

ત્યારે હવે શિષ્યને પ્રશ્ન ઊપજે છે એ પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધાત્મા કોણ છે ? છે માથે ( મથાળામાં ) “ કોડસૌ શુદ્ધ આત્મેતિ ચેત ” જે એકત્વ છે અને પરથી વિભક્ત છે એવો શુદ્ધાત્મા છે કેવો ? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? શિષ્યનો આ પ્રશ્ન અંતરથી આવ્યો છે કે આવો તે શુદ્ધ આત્મા સ્વભાવથી અભેદ અને રાગથી ભેદ એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ એમ છે ને ? ચેતનો અર્થ થયોને ? આવી જેને અંતર જિજ્ઞાસાથી પ્રશ્ન ઊઠયો છે એવા શ્રોતાને ઉત્તર દેવામાં આવે છે, સાંભળવા સાધારણ આવ્યા એટલે આપણે સાંભળવું જોઈએ, એવાઓ માટે નહિ કહે છે જેને અંતરથી પ્રશ્ન ઊઠયો છે, તે શુદ્ધ આત્મા તે કોણ છે આ ? શું છે ઈ તે ચીજ અને કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ, બીજા દ્રવ્યનું જાણવું જોઈએ એ પ્રશ્ન એને ઊઠયો જ નથી. છ દ્રવ્ય ને છ દ્રવ્યના ગુણ ને એ વાત તો અંદર સાધારણ આવી ગૌણ. આવો જે ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ સ્વભાવથી એકત્વ ને રાગથી વિભક્ત એવો જે શુદ્ધ, એ તે આત્મા કોણ છે ? કેવો છે ? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ. એવો શુદ્ધ કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? આહાહાહા ! છે ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા છે. આવો જેને પ્રશ્ન અંતરમાંથી ઊઠયો છે, એવા શ્રોતાઓને માટે આ ઉત્તર છે. આહાહાહા ! અમૃતચંદ્રાચાર્ય શૈલી કરે છે, જેને અંતરથી ઊઠયું છે કે આ શુદ્ધ છે વસ્તુ અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ વિકલ્પના વિકારથી તદ્‌ન જાુદો અને પોતાના પરિપૂર્ણ સ્વભાવથી એકત્વ અભેદ એવો તે શુદ્ધ આત્મા છે કોણ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? આહાહાહાહા ! આવો જેનો પ્રશ્ન અંતરમાંથી જેને ઊઠયો છે એવા શ્રોતાઓને આ ઉત્તર દેવામાં આવે છે આહાહા ! શું શૈલી !

> મોક્ષાર્થીકો... ! ગજબ બાત કહી હૈ ના ! આ.. હા.. હા.. ! મોક્ષકે અર્થીકો મોક્ષકો જાનના, ઐસે નહીં કહા. ક્યોંકિ મોક્ષ હૈ વહ પર્યાય હૈ, પર્યાય હૈ વહ ભેખ હૈ, પર્યાય હૈ યહ આત્માકા એક ભેખ હૈ – ‘ સમયસાર ’ મેં આયા હૈ. સંવર, નિર્જરા ભી એક ભેખ હૈ ( ઔર ) મોક્ષ ભી એક ભેખ હૈ, વસ્તુ નહિ. યે તો પર્યાયકા એક ભેખ હૈ, આહા.. હા... ! લેકિન જો એક ( માત્ર ) મોક્ષકી પર્યાય ચાહતા હૈ ઉસકો સીધા... ( આત્માકો જાનના ). આહા.. હા... ! પરકી અપેક્ષા છોડકર, ઐસા કરું તો ઐસા મિલેગા, ઐસી અપેક્ષા છોડકર ( સીધા આત્માકો જાનના ).
>
> ( સમયસાર દોહન પાના નં. ૨૦૧ પૂ. ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચનમાંથી )

## ગાથા - ૬

कोऽसौ शुद्ध आत्मेति चेत्।

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।**

नापि भवत्यप्रमत्तो न प्रमत्तो ज्ञायकस्तु यो भाव:।
एवं भणन्ति शुद्धं ज्ञातो य: स तु स चैव।।६।।

यो हि नाम स्वत:सिद्धत्वेनानादिरनन्तो नित्योद्योतो विशदज्योतिर्ज्ञायक एको भाव: स संसारावस्थायामनादिबन्धपर्यायनिरूपणया क्षीरोदकवत्कर्मपुद्गलै: सममेकत्वेऽपि द्रव्यस्वभावनिरूपणया दुरन्तकषायचक्रोदयवैचित्र्यवशेन प्रवर्तमानानां पुण्यपापनिर्वर्तकानामुपात्तवैश्वरूप्याणां शुभाशुभभावानां स्वभावेनापरिणमनात्प्रमत्तोऽप्रमत्तश्च न भवति। एष एवाशेषद्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनोपास्यमान: शुद्ध इत्यभिलप्यते।

न चास्य ज्ञेयनिष्ठत्वेन ज्ञायकत्वप्रसिद्धे: दाह्यनिष्ठदहनस्येवाशुद्धत्वं, यतो हि तस्यामवस्थायां ज्ञायकत्वेन यो ज्ञात: स स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव कर्तृकर्मणोरनन्यत्वात् ज्ञायक एव।

---

હવે પ્રશ્ન ઊપજે છે કે, એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે:

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત ‘ શુદ્ધ ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬**

ગાથાર્થઃ- [ य: तु ] જે [ ज्ञायक: भाव: ] જ્ઞાયક ભાવ છે તે [ अप्रमत्त: अपि ] અપ્રમત્ત પણ [ न भवति ] નથી અને [ न प्रमत: ] પ્રમત્ત પણ નથી, - [ एवं ] એ રીતે [ शुद्ध ] એને શુદ્ધ [ भर्णान्त ] કહે છે; [ च य: ] વળી જે [ ज्ञात: ] જ્ઞાયકપણે જણાયો [ स: तु ] તે તો [ स: एव ] તે જ છે, બીજો કોઈ નથી.

ટીકાઃ- જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી ( કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી ) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક ‘ ભાવ ’ છે, તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી ( અપેક્ષાથી ) ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની ( -કષાયસમૂહના અપાર ઉદયોની ) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી ( જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો

નથી ) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો ' શુદ્ધ ' કહેવાય છે.

વળી દાહ્યના ( -બળવાયોગ્ય પદાર્થના ) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ' ભાવ ' ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણકે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની ( સ્વરૂપને જાણવાની ) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે- પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. ( જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને- પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું. )

ભાવાર્થઃ- અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય ( અવસ્થા ) -દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી. અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, ઉપચાર છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. ' જ્ઞાયક ' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. ' આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી ' - એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે. - આ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.

અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો; કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે; અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે, એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર

**મટે અને ત્યારે કલેશ મટે. એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્‌વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે- એ પ્રમાણદૃષ્ટિ છે. એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.**

**અહીં, ( જ્ઞાયકભાવ ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં ‘ પ્રમત્ત-અપ્રમત્ત ’ એટલે શું ? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.**

## પ્રવચન નં. ૨૦ ગાથા - ૬ તા. ૨૯-૬-૭૮

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।**

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત ‘ શુદ્ધ ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬**

**એનો ગાથાર્થઃ-** ‘ જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી ’ – એ રીતે એને શુદ્ધ કહે છે ’ આહા ! કહેશે ટીકામાં. એ વસ્તુ પોતે જે શુદ્ધ ( છે ), પરથી ભિન્ન ને સ્વથી અભિન્ન એ શુભ અશુભભાવરૂપે થઈ જ નથી. જ્ઞાયક ભાવ જે છે, જે વસ્તુસ્વરૂપ છે, એ શુભાશુભ ભાવપણે થઈ નથી. કેમ ? કે શુભાશુભભાવ તો જડ છે, એમાં ચૈતનનો અભાવ છે. આહાહાહા ! એ જ્ઞાયક સ્વરૂપ શુભાશુભ ભાવપણે થાય તો જડ થઈ જાય. જુઓ ! આ વિભક્ત અને એકત્વનું સિદ્ધ કરે છે. એ શુભાશુભથી ભિન્ન છે, એટલે ? શુભાશુભ ભાવપણે પર્યાય થઈ જ નથી પર્યાય એની, જ્ઞાયકનો શુભાશુભ ભાવપણે જ્ઞાયક થયો જ નથી. આહાહા ! જો એ શુભાશુભ ભાવપણે થાય તો પ્રમત્ત–અપ્રમત્ત એવી દશા ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ ? આહાહાહાહા ! બહુ ઝીણું બાપુ !

એ જ્ઞાયક ભાવ છે. બહેનની ભાષામાં આવ્યું છે ને... “ જાગતો જીવ ઊભો છે ને તે ક્યાં જાય ? ” તે આ. વચનામૃત વાંચ્યા છે ને પંડિતજી એમાં પહેલો બોલ છે જાગતો જીવ, પહેલો એમાં ન ગમે તો આત્મામાં ગમે તેવું છે. પછી બોલ છે નાની ચોપડીમાં પહેલો ઉપર છે બોલ. જાગતો એટલે જ્ઞાયક, જ્ઞાયક એટલે કે ધ્રુવ, એ શુભાશુભભાવપણે થયો નથી. કેમ કે જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! ( ચેતન ) છે, એ શુભ–અશુભ ( ભાવ ) અચેતન છે, એમાં જ્ઞાનનો ( ચૈતન્ય ) અંશ નથી– એ રૂપે એ કેમ થાય ? આહાહા ! શુભાશુભ ભાવ ( પણે ) જ્ઞાયકભાવ પોતે થયો નથી એટલે એનાથી પૃથક જ રહ્યો છે. આહાહાહા !

‘ એ રીતે એને શુદ્ધ કહે છે ’ શુભાશુભભાવરૂપે જ્ઞાયકભાવ થયો નથી તેથી તે અપ્રમત્ત–

પ્રમત્ત નથી. એમ ( ગાથા ) માં પહેલાં અપ્રમત્ત લીધું છે ને ? આહાહા ! અપ્રમત્ત પણ નથી. સાતમા ( ગુણસ્થાનથી ) ચૌદ સુધી અપ્રમત્ત, એકથી છ ( ગુણસ્થાન ) પ્રમત્ત, ચૌદ ગુણસ્થાન. પહેલાં અપ્રમત્તથી ઉપાડયું છે. કેમ કે જ્ઞાયકભાવ એકરૂપ વસ્તુ છે. એ શુભ અશુભ ભાવરૂપે થઈ નથી. તેથી તે અપ્રમત્ત પ્રમત્ત એવાં ગુણસ્થાન ભેદો, જ્ઞાયકભાવમાં નથી. આહાહાહા ! એટલે ? ચૈતન્યનો એકરૂપ રસ જાણક્ સ્વભાવનો એકરૂપ રસ, એમાં બીજારૂપે ( અર્થાત્ ) શુભાશુભભાવપણે એ થયો જ નથી. આહાહા ! એ તો જ્ઞાયકરૂપ–એકરૂપ રસે રહ્યો છે.

( શ્રોતાઃ આમાં કાંઈ સમજાતું નથી. ) કાંઈ સમજાતું નથી ? એ તો ચૈતન્યસ્વભાવના રસે જ રહેલો છે. એમાં અચેતનનો અંશ અડયો નથી. અચેતનના શુભાશુભ ભાવપણે, ચૈતન્યરસ, જ્ઞાયકરસ, જ્ઞાયક અસ્તિત્વ રસ જેની હૈયાતિ જ્ઞાયક સ્વભાવરૂપ છે. તે... શુભાશુભ ભાવપણે થયો નથી, એનાથી પૃથક છે, તે જ્ઞાયકભાવે રહ્યો છે. માટે તેને પ્રમત્ત–અપ્રમત્ત એવા ભેદ લાગૂ પડતા નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ અપ્રમત્ત એટલે શુદ્ધ પરિણામ ? ) હા, શુદ્ધ નહીં માત્ર, અશુદ્ધ ( પણ ) ભેદ છે ને ? ચૌદમું ગુણસ્થાનેય નથી આત્મામાં. તેરમું કેવળજ્ઞાન પણ નથી, ભેદ છે ને ! દરેકમાં ઉદયભાવ છે ને ! એવા ભેદો છે. એ શુભાશુભભાવપણે થયેલ નથી, તેથી તે અપ્રમત્ત–પ્રમત્ત નથી, તેથી તે ગુણસ્થાનના ભેદરૂપ થયેલ નથી. આહાહાહા !

( શ્રોતાઃ ગુણસ્થાન પુદ્‌ગલની પર્યાય છે. ) એને તો અચેતન પર્યાય કીધી છે. છેલ્લે ગાથા–૬૮ ગાથાને ૩૮ ગાથામાં. આહાહા !

અલૌકિક છે ભઈ આ તો વાત ! ! અનંતકાળમાં એણે, અંત ભવનો આવે એવી વાત જાણી નથી. આહાહા ! ભવના અંતવાળી ચીજ છે કહે છે. ભવ ને ભવનો ભાવ જેમાં નથી, આહાહાહા ! કેમકે શુભ–અશુભપણે જ્ઞાનરસ ચૈતન્યધામ ચૈતન્યરસકંદપ્રભુ અનાદિ અનંત એકરૂપ. આહાહા ! એ કોઈ દિ ' શુભાશુભપણે થયેલ નથી. તેથી પ્રમત્ત–અપ્રમત્ત ગુણસ્થાન ભેદ એમાં નથી. આહાહા ! ' જ્ઞાયકભાવ એકરૂપ છે, એમાં ભેદ નથી ' ગુણસ્થાનના ભેદો એમાં છે નહીં. આહાહાહા ! એ દૃષ્ટિનો વિષય છે. એ જ્ઞાયકને અહીંયાં ભૂતાર્થ કીધો છે. છતો પદાર્થ વસ્તુ એકરૂપ નિત્ય આનંદ જ્ઞાયકભાવ– જ્ઞાયકભાવ– જ્ઞાયકભાવ, ધ્રુવપ્રવાહ, ચૈતન્યના પૂરનો ધ્રુવપ્રવાહ. પાણીમાં પૂર આમ હાલે, આ પૂર ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ. આહાહાહા ! એ જ્ઞાયકપણે જણાયો પછી તેને શુદ્ધ કહે છે.

' વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે ' એટલે ? જાણનારો જણાણો... એ જાણવાની પર્યાય પોતાની છે. જાણવાની જે વસ્તુ છે એ જણાણી, પણ એ જણાણી–પર્યાય એ તો પોતાની છે. એ પર્યાય પોતાનું કાર્ય છે અને આત્મા એનો કર્તા છે. આહાહા ! જાણનારો. એવો ધ્વનિ છે ને ? એટલે જાણનારો એટલે જાણે પરને જાણે છે ? જાણનાર કીધો ને ? જાણનાર છે, તો તે પરને જાણે છે ? તો કહે... ' ના ' એ તો પરસંબંધીનું જ્ઞાન પોતાથી, પોતામાં સ્વપર–પ્રકાશક થાય છે, તે પર્યાય જ્ઞાયકની છે. એ જ્ઞાયકપણે રહેલો છે. એ જ્ઞાયકનો જાણનાર પર્યાય તે તેનું કાર્ય છે. જણાવા યોગ્ય વસ્તુ છે એનું ઈ જાણવાનું કાર્ય નથી અને જણાવા યોગ્ય વસ્તુ છે ઈ જાણનારનું કાર્ય નથી. આહાહા ! આવું છે.

'જ્ઞાયકપણે જણાયો' કીધું ને ? જ્ઞાતઃ 'જણાયો તે તો તે જ છે' 'જાણનારો' છે માટે બીજું જણાણું એમાં એમ નથી. 'જાણનાર' છે ને ? ત્યારે 'જાણનાર' તો બીજો જણાણો છે એમાં ? ( કહે છે કે ) ના, ( એમ નથી. ) એ જણાય છે ઈ પોતે ( પોતાને પોતાની ) પર્યાય જણાય છે. 'જાણનારની પર્યાય જણાણી છે' આહાહા ! રાગાદિ હોય, પણ રાગ સંબંધીનું જે જ્ઞાન છે ને ? એ જ્ઞાન તો પોતાથી પ્રગટેલું છે, એ રાગ છે માટે આંહી સ્વપર પ્રકાશક જ્ઞાનની પર્યાય પ્રગટી છે, એમ નથી. આહાહાહા !

'જણાયો તે પોતે જ છે' એમ કહે છે.

'જણાયો' જે જ્ઞાનની પર્યાયમાં, એ 'જાણનારો'નો અવાજ આવે એટલે જાણે કે 'બીજાને જાણ્યું' ? ઈ એનું કાર્ય છે ? ના. એને બીજાને જાણવાને કાળે, પોતાનો પર્યાય પોતાથી જણાણો છે– પોતાથી થયો છે, તેને તે જાણે છે. આહાહા ! શું કીધું ?

( શ્રોતાઃ બીજો નથી એમ કેમ કહ્યું ? ) બીજો એટલે રાગ નથી, રાગનું જ્ઞાન નથી એ રાગનું જ્ઞાન નથી, એ જ્ઞાનનું જ્ઞાન છે. 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન' એમાં આવશે, પણ કહે છે કે એ રાગ છે તો રાગનું આહીં જ્ઞાન થયું છે, એમ નથી. અને એ રાગને જાણે છે એમ નથી. એ તો રાગસંબંધીનું પોતાનું જ્ઞાન, પોતાને થયું છે, તેને ઈ જાણે છે. આહાહા ! આવી વાત છે.

( શ્રોતાઃ જ્ઞાયક ભી આત્મા ને જ્ઞેય ભી આત્મા. ) પર્યાય આંહી તો એની, પર્યાય લેવી છે અહીં તો, ઈ જણાણો જેમાં ઈ પર્યાય પોતાની છે એને જાણે છે. પરને જાણે છે, એમ નહીં. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! અભ્યાસ નહીં ને 'આ', અનંતકાળની મૂળ ચીજનો. આહા !

'તે જ છે' એમ છે ને આહા ! 'બીજો નથી' એટલે ? એ રાગનું જ્ઞાન નથી. એ પરનું જાણનારે જાણ્યું, માટે એ જાણનારે પરને જાણ્યું, એ માટે પરને જાણવાનું જ્ઞાન છે એમ નથી. આહાહા !

શબ્દે– શબ્દે ગૂઢતા છે. આ તો સમયસાર છે. આહાહા ! એમાં કુંદકુંદાચાર્ય ! ( માંગલિક ) માં ત્રીજે નંબરે આવ્યું ને ! मंगलम् भगवान वीरो , मंगलम् गौतमो गणी , मंगलम् कुंदकुंदार्यो ! આહાહા ! પહેલા ભગવાન, બીજા ગણધર, ત્રીજા કુંદકુંદાચાર્ય ! जैन धर्मोऽस्तु मंगलम्। આહાહા આકરી વાતો બહુ, પુરુષાર્થ ઘણો જોઈએ ભાઈ 'વળી જે જ્ઞાયકપણે જણાયો' એમ આવ્યું ને ? પર્યાય છે ઈ.

**ટીકાઃ-** 'જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી ", પોતે પોતાથી સત્તારૂપે વસ્તુ હોવાથી, " કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી અનાદિ છે અનાદિ સત્તારૂપ છે " એની સત્તા, પોતે પોતાથી જ હૈયાતિ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નથી, માટે ભગવાન આત્મા, જેને અમે શુદ્ધ કહેવા માગીએ છીએ, તે અનાદિ સત્તારૂપ છે; અનાદિ હોવારૂપ છે. આહાહા ! પર્યાય તો થાય ને જાય. વસ્તુ જે છે એ તો રાગથી પૃથક એ તો અનાદિ સત્તા છે. અનાદિથી 'હોવાવાળી' ચીજ છે, કેમ કે કોઈથી ઉત્પન્ન થયો નથી. ઈશ્વરે એને ઉત્પન્ન કર્યો છે, ( કે ) ઈશ્વર કોઈ કર્તા છે આત્માનો, એમ નથી. આહાહા ! જે પોતે પોતાથી જ. કથંચિત્ પોતાથી ને કથંચિત્ પરથી તો અનેકાંત થાય ને ? પોતે પોતાથી છે, પરથી નથી એનું નામ અનેકાંત છે. આહાહા ! પોતાની સત્તા પોતાથી છે ને પોતાની સત્તા પરથી નથી. આહાહાહા ! એવી અનાદિ સત્તારૂપ છે.

'કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે'. કદી વિનાશ પામતો નથી. 'છે' ...

અનાદિ સત્તા વસ્તુ છે, છે, છે, છે, ભૂતકાળમાં છે, વર્તમાન કાળે છે, ભવિષ્યમાં છે. છે ઈ છે જ બસ. આહાહા ! ' છે ' અનાદિ સત્તા હોવાવાળી ચીજ, કદી વિનાશ પામતી નથી કોઈ કાળે વિનાશ પામતી નથી. ' કદી ' શબ્દ છે ને ? આહાહા ! માટે તે અનંત છે. ભવિષ્યમાં કાયમ રહેનાર છે, માટે અનંત છે એમ. આહાહા ! જેનો અંત નથી કદી, જેની શરૂઆત નથી, જેનો અંત નથી, એવી અનાદિ અનંત એ વસ્તુ છે. આહાહાહાહા ! ભાષા તો સાદી છે પણ ભાવ તો જે ભાઈ આકરા છે, આહાહા !

' નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ' પાછો વર્તમાન કાયમ રહેનારો હોવાથી. ' ક્ષણિક નથી ' છે ને ? ક્ષણિક હોય કોઈ ચીજ એમ નથી. નિત્ય ઉદ્યોતરૂપ છે કાયમ એમ ને એમ વર્તમાનમાં પણ કાયમ, એવો ને એવો ધ્રુવ અનાદિ–અનંત સત્તાસ્વરૂપ વસ્તુ કાયમ ઉદ્યોતરૂપ છે. વર્તમાનમાં પણ ઉદ્યોતરૂપ કાયમ છે. આહાહા ! ભૂતકાળમાં ઉત્પન્ન થયેલ નથી, ભવિષ્યમાં અંત છે નહીં, વર્તમાનમાં ઉદ્યોતરૂપ પ્રગટ છે. આહાહા ! શુદ્ધ વસ્તુ, રાગથી ભિન્ન–સ્વભાવથી અભિન્ન, એવી ચીજ ( આત્મા ) વર્તમાનમાં પ્રગટરૂપ હોવાથી ક્ષણિક નથી, એ ક્ષણિક વસ્તુ નથી, એ તો ધ્રુવ છે. આહાહા ! એક એક શબ્દ ને એક એક પદ બરાબર સમજે તો, બધા ન્યાય આવી જાય ઘણાં.. આહાહા !

' અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક ' આહાહા ! કેવો છે ? એ તો સ્પષ્ટ, પ્રગટ, પ્રત્યક્ષ પ્રકાશમાન પ્રત્યક્ષ–પ્રકાશમાન ( છે ) આહાહા ! વર્તમાન પ્રત્યક્ષ જણાય એવી એ જ્યોતિ છે. આહાહા ! સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ ચૈતન્ય જ્યોતિ ચેતન્ય જ્યોતિ, ચેતન ચેતન ચેતન ચેતન ચેતન ચેતન–પ્રત્યક્ષ સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. આહાહા ! એવો જે જ્ઞાયક ' એક ભાવ છે. ' જોયું ? જ્ઞાયક એવો એક ભાવ છે. આહાહા !

' તે સંસારની અવસ્થામાં ' હવે, અવસ્થાની વાત કરે છે. વસ્તુ તો આવી જ છે, અનાદિ સત્તા શુદ્ધરૂપે અનાદિ જ્ઞાયકભાવ જે અનાદિ અનંત, નિત્ય, સ્પષ્ટ, વર્તમાન ઉદ્યોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ ચીજ છે. આહાહા ! હવે એની અવસ્થામાં અનાદિની જે ભૂલ છે પર્યાયની, એની વાત કરે છે.

જે સંસારની દશામાં અનાદિ બંધપર્યાયની કથનથી અપેક્ષાથી ( નિરૂપણાથી ) બંધની અવસ્થાની અપેક્ષાથી જોઈએ તો ? ' ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં ' દૂધ ને પાણી એકરૂપ દેખાય છતાં, દૂધ દૂધરૂપે છે પાણી પાણીરૂપે છે. ' એમ ક્ષીર નીરની જેમ ' ક્ષીર એટલે દૂધ અને નીર નામ પાણી. જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં આત્મા દૂધ સમાન છે ને કર્મપુદ્‌ગલો પાણી સમાન છે, પાણી પાણીરૂપે છે ને દૂધ દૂધરૂપે છે. પાણીના પાણી ને દૂધના દૂધ. નથી કહેતા ? આહાહા ! આ દૂધમાં પાણી નાખીને આપે છે ને ? દગો કરીને પછી બોલે ય ખરા કે ' દૂધના દૂધ ને પાણીના પાણી ' રહેશે. દૂધમાં પાણી નાખીને આપે છે, તો પૈસા અનર્થના નહીં રહે. આહાહા !

એમ પાણી ને દૂધ ભિન્ન છે, એમ ભગવાન આત્મા ને કર્મપુદ્‌ગલો ભિન્ન છે, સાથે એકરૂપ હોવા છતાં, છે એકરૂપ સાથે. પણ ' દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો ' ઓલી પર્યાયના સંબંધથી જોવામાં આવે તો આમ એક દેખાય છે, પણ વસ્તુના સ્વભાવથી

જોવામાં આવે તો, ઓલું સમજાણું ?

સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની અપેક્ષાથી ક્ષીરનીરની જેમ એકરૂપ હોવા છતાં, પર્યાયમાં, પર્યાયની સાથે કર્મપુદ્ગલો સાથે દેખાય છે. પણ ‘ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે, આહાહા ! વસ્તુનો સ્વભાવ જે છે કાયમી, અસલી અનાદિ અનંત, નિત્ય ઉદ્યોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન-જ્યોતિ એવો જે દ્રવ્યસ્વભાવ, એની અપેક્ષાથી જોવામાં આવે તો ? ત્યાં સુધી વાત...

હવે કહે છે ‘ તો દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે ’ કષાયના ચક્રનો અંત લાવવો, મહાપુરુષાર્થ છે અનંતો “ દૂર... અંત., ”, જેનો મહાપુરુષાર્થથી અંત પમાય એવો કષાયચક્ર પુણ્ય ને પાપ. કષાયચક્રના ઉદયની કષાયસમૂહના અપાર ઉદયની એમ. કષાય ચક્ર છે ને ? ‘ કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતાં જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર ’ કર્મનાં નિમિત્તનાં સંબંધે જોડાતાં, જે કંઈ વિચિત્રતાના વશે પ્રવર્તતાં પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભાશુભ ભાવો, પુણ્ય પાપ એ પરમાણુ બંધન એની વાત, એને ઉત્પન્ન કરનારા શુભ અશુભ ભાવ વર્તમાન, ઓલા પુણ્ય-પાપ એ કર્મ, એને ઉત્પન્ન કરનારાં શુભાશુભ ભાવ ‘ તેમના સ્વભાવે પરિણમતો નથી ’ . આહાહા !

શું કીધું ? ‘ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો ? ’ ત્યાં રાખવું. તો ? દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતા ( જે ) પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ જોયું ? શુભ અશુભભાવો એકરૂપ નથી અનેકરૂપ છે, સમસ્ત અનેકરૂપ શુભેય અનેકરૂપ અસંખ્ય પ્રકાર, અશુભેય અનેકરૂપ અસંખ્ય પ્રકાર, એ રૂપે દ્રવ્યના સ્વભાવથી જોવામાં આવે તો, આહાહા ! પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારાં એવાં શુભાશુભ ભાવો ‘ તેમના સ્વભાવે પરિણમતો નથી ’ આહાહા ! ભગવાન જે ( જ્ઞાયક ) શુદ્ધ ચૈતન્ય, વસ્તુ સ્વભાવથી જોઈએ તો, વસ્તુથી જોઈએ તો પુણ્યપાપને ઉત્પન્ન કરનારાં તો શુભાશુભ ભાવ, એ ભાવરૂપે તે દ્રવ્યસ્વભાવથી જોઈએ તો તે રૂપે થયો જ નથી. શુભ અશુભ ભાવરૂપે દ્રવ્ય સ્વભાવ કોઈ દી ’ થયો જ નથી. આહાહા ! કેમ કે એ તો જ્ઞાયકસ્વરૂપ છે. અને ઉત્પન્ન કરનારાં પુણ્ય-પાપનાં ભાવો છે જે શુભાશુભ, એ તો અચેતન છે. એમાં ચૈતન્યના સ્વભાવનો અંશ નથી. આહાહા !

‘ તેમના સ્વભાવે થતો નથી ’ આહાહા ! જયચંદ પંડિત ખુલાસો કરે છે. ‘ જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી ’. ભાષા દેખો ! શુભ અશુભ ભાવરૂપે થાય તો જડ થઈ જાય, કેમ કે શુભ-અશુભભાવ તો અચેતન અજીવ છે. આહાહા !

એ જીવ જ્ઞાયક એ શુભાશુભ અજીવ જડરૂપે કેમ થાય ? આહાહાહા ! દ્રવ્ય સ્વભાવથી જોઈએ, તો જે કષાયનો અંત લાવવો મુશ્કેલ, એવી વિચિત્રતાને વશે ઉત્પન્ન થયેલા શુભાશુભભાવો જે પુણ્ય પાપના કારણો, એરૂપે તે આત્મા થયો નથી. આહાહા ! આવું છે.

‘ વોચ્છામિ સમયપાહૂડં ’ એમ કહ્યું છે ને ? કહીશ હું, ત્યારે કહીશ તો એનો અર્થ કે એના સાંભળનારા કોઈ છે એને કહે છે ને ? વોચ્છામિ, કહીશ તો એનો અર્થ કે એના સાંભળનારા છે એને કહે છે ને ? આહાહા ! એને કહે છે કે તારો નાથ અંદર જે ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયકભાવ પડયો છે ‘ એ કર્મના ચક્રના અંત લાવવા શુભાશુભનો મુશ્કેલ છે. ’ છતાં તે પુણ્ય-પાપને

ઉત્પન્ન કરનારાં શુભને અશુભ ભાવરૂપે તે દ્રવ્ય સ્વભાવ, કદી થયો જ નથી. છે ને ?

‘ જ્ઞાયકભાવથી જડભાવ ( રૂપે ) થયો નથી ’ એમ કીધું. જોયું ? એ શુભાશુભને જડ કીધાં. જ્ઞાયક.. તે ચૈતન્યસ્વરૂપ ચૈતન્ય–પ્રકાશનો પુંજ અને શુભ–અશુભભાવ તો અંધારા છે, આહાહા ! ચૈતન્યના પ્રકાશનો શુભાશુભ ભાવમાં અભાવ છે. આહાહા ! એ પ્રકાશ, અંધારારૂપે કેમ થાય ? એમ જ્ઞાયક, શુભાશુભપણે કેમ થાય ? આહાહા ! તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. આ કારણે ભગવાન આત્મા જ્ઞાયકભાવ, શુભાશુભ પણે થયો નથી એથી એને ગુણસ્થાનના ભેદ પણ થતા નથી. આહાહા ! હવે એક છેલ્લી લીટી છે.

પ્રમાણ વચન ગુરુદેવ.